૭૮૬

હાલાઇ ઘાંચીની નાતના ધારા

છપાવી પ્રસિધ્ધ કરનાર કરાચીની હાલાઇ ઘાંચીની નાતના

પંચ વતી પટેલ હાનાભાઇ ઇશા

કરાચી

સન ૧૯૨૬ પ્રત ૨૫૦

હિતેચ્છુ પ્રેસમાં હ. વા. ઠાકરે છાપ્યું—કરાચી.

૭૮૬

હાલાઈ ઘાંચીની નાતના ધારા

છપાવી પ્રસિધ્ધ કરનાર કરાચીની હાલાઇ ઘાંચીની નાતના

પંચ વતી પટેલ દાનાભાઇ ઇશા

હાલાઇ ઘાંચીની નાતના ધારા

હાલારના ઘાંચીની નાતના ૬૦થી વધી લગભગ ૭૫ ગામની નાતે કરાચી મુકામે નીચે પ્રમાણે સગાઇ સમુરતું લગ્ન તલાકમહોર ઘરઘરણા વગેરે બાબતોનાં નીચે પ્રમાણે એકમતે દાદ મુકરર કરેલા છે.

સગાઇ.

૧ ચુંદડી એક રૂ. ૧ાથી ૨ાા સુધીની દેવી.

૨ રૂા. ૧ા રોકડો ચુંદડીને છેડે આપવો.

૩ ગોળ શેર ૧૫ આપવો.

૪ સગપણમાં દશ માણસો લઇ જવા. વધુ લઇ જવા નહી. વધુ લઇ જવાથી દર માણસ એકે રૂા. ૦ાા

વરનો પિતા આપે, અને ભાણું ધોવરામણુનો રૂા. ૧ વરનો પિતા આપે.

૫ સગાઇ કર્યા પછી દર વરસે એક ઇદનાં લુગડાં દેવા. અને કદી ઇદનાં લુગડાં ન આપ્યા હોય તો જેટલી ઇદુ ચડી હોય તેટલી ઇદુનાં દરેક ઇદ દીઠ રૂા. ૩ વીવા વખતે વરના પીતાએ આપવા.

૬ સગાઇ કરતી વખતે જે નાતમાં આટા વેંચવાનો રીવાજ હતો તે બંધ કર્યો છે, ને તેના બંદલામાં વરના પીતાએ રૂા. ૧૦ જમાતને આપવા.

૭ સગાઈ કરેલી કન્યાનાં વીવા પંદર વરસની પહેલાં થઇ જવા જોઇએ. સદરહુ મુદત સુધીમાં વરનો પીતા વીવા ન કરે તો કન્યાના પીતાએ જમાતને અરજ કરવી અને કન્યાનો પીતા વીવા ન કરે તો વરના પીતાએ જમાતને અરજ કરવી એટલે જમાત તેનો ફેંસલો કરી આપે.

૮ સગાઇ કરેલી કન્યા કોઇ મુકી દીએ તો જમાતને રૂા. ૨૦ વરનો પીતા દંડના આપે, અને કન્યાનો પીતા સગપણુ તોડાવે તો જમાતને રૂા. ૫૦ દંડના આપે.

સસુરતું

૯ ગોળ શેર ૧૦ તથા ચોખા શેર ૧૦ તથા ખાંડ શેર ૫ કન્યાના પીતાને આપે.

૧૦ દશ માણસ સસુરતામાં લઇ જવા, વધુ લઇ જવા નહિ. વધુ લઇ જવાથી માણસ એકે રૂા. ૧ કન્યાનો બાપ લીએ. પાંચ વરસની ઉમર ઉપરના તેવા દશ માણસની ગણતરી થાશે. ખર્ચ બે દેવા અને રૂા. ૬ા દુધ પીણાના વરનો પીતા આપે.

૧૧ ઘરેણું નીચે મુજબ આપવું

[illegible] જોડી ૧	કડલી જોડી ૧
હાંસડી ૧	હાથની બંગડીયું તથા નાકની સરી

૧૨ સસુરતું ન ચડાવ્યું હોય ને વીવા થાય તો ખોટા હારડાના રૂા. ૬ કન્યાના પીતાને આપે.

લગ્ન વીવા

૧૩ રૂા. ૫૦ કન્યાના બાપને દેજના આપવા, તથા રૂા. ૧૪ સાચા લુગડાના તથા રૂા. ૩ ઠરફરના આપવા. તે સીવાય બીજો કાંઇ દાન આપવો નહિ.

૧૪ જાનમાં માણુસ ૩૦ લઇ જવા વધુ લઈ જવા નહી. વધુ લઇ જવાથી દર માણુસ એકે રૂા. ૧ લેવો. પાંચ વરસની ઉમર સુધીનાં છોકરાઓ ગણતરીમાં લેખાશે નહીં.

૧૫ વીવામાં લુગડા ત્રણ લેવાં તેમજ નીવેદ વગેરેના રૂપીઆ લેવાય છે તે લેવા નહિ. માત્ર તેડતી વખતે સાડલો ૧ હેલવાડાનો લેવો.

૧૬ વરની પહેરામણીમાં શાલ તથા ફેરવો આપવો તથા વરનાં પીતાને પાઘડી તથા વરની માતાને સાડલો કમખો આપવો.

૧૭ વીવામાં કન્યાનો પીતા રૂા. ૧ાા તથા વરનો પીતા રૂા. ૪ાા જુમલે રૂા. ૬ જમાતને દાદના આપે.

૧૮ વીવામાં ઠરાવેલી રકમથી કન્યાનો પીતા વધુ રકમ લઈ શકે નહી અને કોઇ વધુ લીએ તો વરનો પીતા જમાતને અરજ કરે અને જમાત પોતાની સતા વાપરી નાતે ઠરાવેલી રકમ અપાવે.

૧૯ વીવા કર્યા બાદ કોઇ મરદ અથવા ઓરત અપુત્ર ગુજરી જાય તો કરીઆવરમાં માત્ર ઘરેણું પાછું આપવું બીજું કાંઇ પાછું આપવું નહી.

ઘરઘરણું.

૨૦ ઘરઘરણું કરતી વખતે રૂા. ૧૫૦ સુધી કન્યાને રોકડા આપવા અને જમાતને રૂા. ૧૦ દાદનાં આપવા તેમાં રૂા. ૬ વર આપે અને રૂા. ૪ કન્યા આપે.

૨૧ ઘરઘરણામાં માણસ પંદર લઇ જવા, વધુ લઇ જવા નહી. વધુ લઇ જવાથી માણસ દીઠ રૂા. ૧ લેવો.

તલાક.

૨૨ કોઇ તલાક આપે તો બાઇને મોહરના રૂા. ૨૫ આપવા.

૨૩ કોઇ તલાક આપે તો કરીઆવરનું ઘરેણું ઓરતને પાછું આપવું. બીજું કાંઇ આપવું નહી.

પરચુરણ

૨૪ એક ઓરત હોય અને બીજી ઓરત કરે તો બંનેને સરખી રીતે રાખવી. કદાપી કોઇ કારણને લીધે અણુ બનાવ થાય અને જુની અથવા નવી ઓરતને ખોરાક પોશાક ન આપે તો બાઇ વરસ દીવસ સુધી પોતાનાં સગાને ત્યાં રહે અને એક વરસ થયા પછી બાઇ જમાતને અરજ કરે અને જમાત વચે પડી તેનો ફેશલો કરી આપે.

૨૫ બાઇ બીજું ઘર કરે ને છોકરૂં નાનું હોય તો ત્રણ વરસની ઉમરનું બચું થાય ત્યાં સુધી બાઇ પાસે રેવા દેવું અને ત્રણ વરસ થયા બાદ તેના વારસને હવાલે કરવું અને બચાની પેટખાઈ કાંઇ લેવી નહી.

૨૬ કરાચીમાંથી કોઇનું સવેલું ઘરમાં બેસારે તેને નાત બહાર મુકવો.

૨૭ નાતબહાર માણસનો ફેસલો નાતજ કરી શકે છે.

૨૮ કોઇ નાતીલો પર જ્ઞાતીની ઓરત ઘરમાં બેસાડે તે નાતનો ગુન્હેગાર ઠરે. તે માણસને જમાતમાં રાખવો અથવા ન રાખવો તે નાતની મરજી ઉપર છે.

૨૯ જમાતમાં કોઇ મરણ થયું હોય તો અને સવારના આઠ વાગ્યા પહેલા જમાતનો સાદ આવી ગયો હોય તો ઘર દીઠ એક ઓરત તથા એક મરદને જરૂર જવું જોઇએ અને કોઇ નહી આવે તેના પાંચ આના દંડ કરવામાં આવશે.

૩૦ કોઈ પણ કારણસર કોઇ માણુસે જમાત ભેગી કરવાનો સાદ ફેરવ્યો હોય તો ઘર દીઠ એક માણુસને જરૂર જવું જોઇએ.

૩૧ કોઇ માણસને જમાતે ગુન્હેગાર ઠરાવી જમાત બહાર મુકયો હોળ તે માણસની સાથે કોઇએ વાતચીત કરવી નહી ને કોઇ માણસ વાતચીત કરશે તેનો રૂા. ૧૧ જમાત દંડ કરશે. જમાત બહાર માણસને કોઇ મદદ કરશે તેના રૂા. સવાપાંચ દંડ થશે.

૩૨ કોઇ પણ ઠેકાણે જમાત ભેગી થઇ હોય ત્યાં કોઇ ઓરત ચોવટ કરશે તો તેના ધણીનો રૂા. ૧૧ જમાત દંડ કરશે.

કોમી લવાદ અથવા નાત કમીશન

અમો નીચે સહી કરનાર હાલાઈ ઘાંચીની નાત સમસ્તના પ્રતીનીધીઓએ નીચે લખેલા પટેલોને હાલાઇ ઘાંચીની નાતનાં લવાદ અથવા કમીશન તરીકે ચુંટી કાઢયા છે તેની વીગત. કરાચીની નાત અથવા નાતે મુકરર કરેલા પટેલો.

૧ પટેલ ટાનાભાઇ ઇશા
૨ ,, સુલેમાન મુશા
૩ ,, એમદ અબારામ
૪ ,, જીવણ પુંજા
૫ ,, ફકીરા હશન

ઉપર લખેલા પટેલીઆને નાતનાં કોઇ પણ વાંધા તકરાર કોઇ પણ દાદ વસુલ કરવા અથવા અપાવવા, કોઇને તકશીરવાર ઠરાવવા અને ધારા પ્રમાણે શીક્ષા કરવા, કોઇને નાત બહાર મુકવા અથવા તેને નાતમાં લેવા, કોઇનો દંડ કરવા અથવા દંડ વસુલ કરવા મુખત્યાર નીમીએ છીએ. ઉપર લખ્યા પટેલીઆનું એક કમીસન હાલાઇ ઘાંચીના નાતનાં નામે ઓળખાય છે. અને નાતનાં તરફથી કાંઇ પણ બ્રિટીશ કોરટ અથવા દેશી રાજ્યની કોરટમાં રીતસર ઇલાજ લેવા ફોજદારી અથવા દીવાની બને મુકરદમાઓ નાતનાં ખરચે ચલાવવા મુખત્યાર છે. હાલાઇ ઘાંચીએ જે લખેલા ધારા ઘડી અમલમાં મેલ્યા છે તે પ્રમાણે કોઈ અમલ ન કરે તો તેને માટે ઠરાવવામાં આવેલી સીક્ષા ઉપર લખેલા પટેલીઆઓ કરી શકે છે. અને તે કોઇપણ કોરટ મારફતે વસુલ કરવા મુખત્યાર છે. આ પાવર અથવા કુલ મુખત્યાર નામાનો પાવર પટેલીઆઓને આપ્યો છે. ઉપર લખ્યા ધારા તથા નાત કમીશનના બંધારણને કબુલ રાખ્યા બદલ અમે હાલાઇ ઘાંચીની નાતનાં આગેવાનો તથા નાત સમસ્તની આ નીચે સહી કરવામાં આવી છે. શા. ૧૯૭૨ના વઇશાખ સુદી ૧૩ને સોમવાર તા. ૧૫-૫-૧૬.

પટેલ દાનાભાઈ ઇશા મોઢીઆની સહી
„ સુલેમાન મુશા પાયકની સહી
„ એમદ અભરામ માડકીઆની સહી
„ જીવણ પુંજા લોલાડીઆની સહી
„ ફકીરા હુસન ગાલબની સહી
ઘાંચી મીઠા રાજા તેલીની સહી
„ કાશમ જુમા વડાવરીઆની સહી
„ નુરા આદુ વડાવરીઆની સહી
„ કાશમ અભરામ ગાલબની સહી
„ હાજી કચરા માડકીઆની સહી
„ સલુ વીરા સોરંકીની સહી
„ અશમાલ મામદ ધોણીઆની સહી
„ રાણા ડોસા સખેસરાની સહી
„ ઉમર હુશન પાયકની સહી
„ અશમાલ પુંજા જેઠવાની સહી
„ ટપુ હુશન સોરંકીની સહી
„ દાઉદ ઉકા મકવાણાની સહી
„ અલી ઉમર સોરંકીની સહી
„ મામદ સલુ માડકીઆની સહી

,, હાજી અશમાલ પીલોડીઆની સહી
,, પોપટ વીરા કડીઆની સહી
,, ઝીણા મામદ માડકીઆની સહી
,, ઉમર હુસન ઘોણીઆની સહી
,, ગાજી ડોસા વડગામાની સહી
,, જીવા જુમા વડાવરીઆની સહી
,, કારા મુશા કલાડીઆની સહી
,, હાશમ જુમા અમરેલીઆની સહી
,, અભરામ વાલાની સહી
,, મુશા જમાલ વડાવરીઆની સહી
,, ખીમા સલુ પરમારની સહી
,, ભનુ રાજા કોરડીઆની સહી
,, અભરામ જુમા જાંખરીઆની સહી
,, ડોશા વીરા માડકીઆની સહી
,, મામદ કરા કોરડીઆની સહી
,, ઉમર નથુ પરમારની સહી
,, નુરા અલીની સહી
,, અભરામ હમીર પાયકની સહી
,, ઇશા નુરા મલતાનીની સહી

,, ઉમર નથુની સહી
,, તાજા જુમા વડાવરીઆની સહી
,, રાજા જુમા વડાવરીઆની સહી
,, નુરા કાશમ પાયકની સહી
,, ઉમર બોધા હુમીરકાની સહી
,, હુશન હુમીર વડગામાની સહી
,, આદમ મુસા મોઢીઆની સહી
,, અશમાલ વીરા ચીચોદરાની સહી
,, હાજી જુમા જાખરીઆની સહી
,, સલુ જમાથી ગાલબની સહી
,, પુંજા બોધા હુમીરકાની સહી
,, કારા મામદ તેલીની સહી
,, જેઠા બોધા હુમીરકાની સહી
,, ગાજી હુમીર મકવાણાની સહી
,, મીઠા સલુ માડકીઆની સહી
,, મુશા ઉમર મકવાણાની સહી
,, રેમાન જુમા લોલાડીઆની સહી
,, દાદા વીરા માડકીઆની સહી
,, જમા સલુ માડકીઆની સહી

,, જેઠા કાસમ ભુવરની સહી

,, હુશન ડોશા વડાવરીઆની સહી

,, અલારખા રાણા મકવાણાની સહી

,, મુસા આલી વઢાવરીઆની સહી

